

દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ ટુરીઝમ એવોર્ડ કાર્યક્રમમાં ગુજરાત ટુરીઝમને 'હોલ ઓફ ફેમ' નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે પર્યટનમંત્રી ગણપતસિંહ વસાવાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. પ્રવાસન સચિવ એસ.જે. હૈદર પણ આ અવસરે જોડાયા હતા.

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા વિજયા દશમીની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા વિજયાદશમીની ઉજવણી અને ૩૦મા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન આગામી તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૩ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંગેની પત્રિકા દરેક સેકટર પ્રતિનિધિ દ્વારા જે તે સેકટર તથા અન્ય વિસ્તારના સભ્યશ્રીઓને પહોંચતી કરવામાં આવી છે. પત્રિકા ન મળી હોય તો સમાજના કાર્યાલયથી મેળવી લેવા જણાવાયું છે.

## રૂપાલના ભવ્ય પલ્લી મેળામાં ૨૦ બસો દોડાવાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે ભવ્ય પલ્લી મેળો યોજાશે. જેમાં લાખ્ખો ભાવિક ભકતો દર્શનનો લાભ લે છે ત્યારે પલ્લી મેળામાં ભકતોને વાહનની સગવડ મળી રહે તે માટે એસ.ટી. તંત્ર દ્વારા નોમની બપોરથી દસમ સુધી ૨૦ બસો દોડાવાશે સાથે દિવસ દરમિયાન ૬૦ થી ૭૦ જેટલી ટ્રીપો ગોઠવાઈ છે જેનાથી ભાવિક ભકતોને દર્શન માટે વાહનની સગવડ મળી રહેશે.

## શનિવારે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્રમંડળનો રાસ-ગરબા મહોત્સવ

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવોનું વિશેષ મહત્વ છે અને તેમાંપણ નવરાત્રી એ અબાલ-વૃદ્ધ સૌ કોઈને પ્રિય તહેવાર છે તેથી તેની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવતી હોય છે. ગાંધીનગરના સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્રમંડળ દ્વારા પણ સમાજના સભ્યો માટે રાસ-ગરબા મહોત્સવ-૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ તા. ૩૦મી સપ્ટેમ્બરે રાત્રે ૮ કલાકે ગાંધીનગરના સેક્ટર-૭ખાતેની સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ વાડી ખાતે યોજાશે.

# રણાસણ સર્કલથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી આઈશર પકડાઈ

### ટ્રકમાં ખાનુ બનાવી સવા ત્રણ લાખની દારૂની બોટલો સંતાડી હતી : પકડાયેલા શખ્સો કહ્યું કે ટ્રક મારી છે અને પાંચ મહિના પહેલા ચોરાઈ ગઈ હતી

ગાંધીનગર, તા.૨૭

ડભોડા પોલીસ ગઈ મોડી સાંજે રણાસણ સર્કલ પાસે નિયમન અને વાહન ચેકીંગ કામગીરી કરી રહી હતી ત્યારે એક આઈશર ટ્રકના ચેકીંગ દરમિયાન તેમાંથી વિદેશી દારૂનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. ટ્રકમાં એક ખાનુ બનાવાયેલું હતું. જેમાંથી સવા ત્રણ લાખનો દારૂનો જથ્થો મળ્યો હતો. ડભોડા પોલીસે આઈશર ટ્રક સહીત રૂ. ૧૫.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલા ડ્રાઈવરની પુછપરછ કરતાં તેને દારુ વિશે કાંઈ ખબર જ ના હોવાની વાત કરી હતી. પાંચેક મહિના પહેલા ચોરાયેલો તેનો ટ્રક ઉદેપુર પડયો હોવાની માહિતી મળતા ગઈ કાલે તે ટ્રક લેવા પહોચ્યો હતો અને ટ્રક મળી જતા લઈને પરત આવી રહ્યો હતો તેવી કેફીયત પોલીસને આપી રહ્યો છે.

મળતી માહિતી મુજબ ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાની ટીમ રણાસણ સર્કલ પાસે ગઈ મોડી સાંજે વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે જીજે ૨૭ એકસ ૦૯૯૭ નંબરની આઈશર ટ્રક પસાર થતા તેમાં ચેકીંગ કર્યું હતું. પ્લાસ્ટીકના ખાલી કેરટ ભરેલા આ



ટ્રકમાં તપાસ કરતા અંદર એક ખાનું મળ્યું હતું. તેમાંથી ૧૦૪૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૩,૧૩,૨૦૦ની કિંમતની દારૂની બોટલો તથા ટ્રક સહિત કુલ રૂ. ૧૫,૧૬,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે ઓઢવ અંબિકાનગરના શખ્સ કેયુર અરવિંદ રાવલને પકડી પાડયો હતો. દારૂ અંગે કેયુર રાવલને પુછતાં તેણે નિવેદન આપ્યું છે કે ૧૮ મે ૨૦૧૭એ આ ટ્રક ચોરી થઈ ગઈ હતી. તેની પોલિસ ફરિયાદ પણ થયેલી છે. આ ટ્રક ઉદેપુર પડયો હોવાની માહિતી ગઈ કાલે મળતા તે ટ્રક લેવા ગયા હતા. ટ્રકમાં ખાલી કેરેટ પડયા હતા તે જોઈને ટ્રક લઈને તેઓ ઘરે આવી રહ્યા હતા. આ કેફીયત બાબતે પણ ઈન્ટ્રોગેશન શરુ કરી કેયુર રાવલની ધરપકડ કરી ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે.

## ૧ લીથી અંતિમ સંસ્કાર માટે મૃતકના આધારકાર્ડની નકલ જરૂરી

ગાંધીનગર, તા. ૨૭

ભારત સરકાર દ્વારા આધારકાર્ડને તમામ સરકારી પ્રક્રિયાનો અગત્યનો દસ્તાવેજ બનાવવા તરફ તેજ ગતિએ પગલાં લેવામાં આવી રહ્યાં છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર હવે મરણની નોંધણી માટે પણ આધારકાર્ડ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ આદેશ અનુસાર આગામી તા. ૧લી ઓક્ટોબરથી ગાંધીનગરના જુનિયર સીટીઝન કાઉન્સીલ હસ્તક સંચાલિત સ્મશાનો પર અંતિમ ક્રિયા માટે આવતા મૃતકના કુટુંબીજનોને અવસાન પામેલ વ્યક્તિના આધારકાર્ડની નકલ લઈને આવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ઉવારસદ ખાતે દિવ્યાંગોની ફિઝિકલ ફિટનેસની તપાસ કરાઈ

ગાંધીનગરની ફિઝિયોથેરેપી કોલેજ દ્વારા વિવિધ સ્થળે વિનામૂલ્યે ફિઝિયોથેરેપીની નિદાન સારવારની સેવા આપતા કેમ્પનું આયોજન અવારનવાર કરવામાં આવે છે. તાજેતરમાં ગાંધીનગર પાસેના ઉવારસદ ખાતે સ્થિત સદ્‌વિચાર ટ્રસ્ટ સંચાલિત વિકલાંગ પુર્નવસન કેન્દ્રના દિવ્યાંગ બાળકોને પણ સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપીના સ્ટાફે મુલાકાત લઈ તેમનુ શારિરિક તપાસણીનો કાર્યક્રમ હાથ ધર્યો હતો અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સેવાકાર્યમાં કોલેજના ડૉ. હેતલ દેસાઈ, ડૉ. સૃષ્ટિ શર્મા, ડૉ. નિકિતા પટેલ અને ડૉ. અવધિ અમીન સહિત બેચલર ઓફ ફિઝિયોથેરેપીના તૃતીય વર્ષના ૬૭ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## દશેરાએ સિંધુધામે સાઈબાબાની પાલખીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સેક્ટર-૩૦ સ્થિત ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે દશહરા એટલે કે વિજયા દસમીના પાવન દિવસે સાંઈબાબાની પાલખી નિકાળવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાલખી તા. ૩૦મી સપ્ટેમ્બર શનિવારના દિવસે સાંજે ૪ કલાકે યોજાશે જેનો મોટી સંખ્યામાં લાભ લેવા શહેરના તમામ ધર્મપ્રેમી સીંધી પંચાયતના પ્રમુખ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગરમાં સરકારી બાબુની તુમાખી કામ નહીં જ થાય, જે થાય એ કરી લો

### પાટનગર યોજનાના ડ્રેનેજ વિભાગના અધિકારીની તોછડાઈ મારે થોડી શહેરની બધી ગટરો સાફ કરવાની હોય ?

ગાંધીનગર, તા. ૨૭

એક તરફ રાજ્ય સરકાર અને ગુડા, ગાંધીનગર મહાનગરપાલિકા ગાંધીનગર શહેરને સર્વશ્રેષ્ઠ કે મૉડેલ નગર, સ્માર્ટ સિટી તરીકે તૈયાર કરવા માટે મથી રહ્યાં છે ને નગરનાં અનેક સેવાભાવી વ્યક્તિઓ, સંસ્થાઓ આ કાર્યમાં પોતાની રીતે સહાયભૂત પણ થઈ રહ્યા છે ત્યારે આ નગરમાં એવા અધિકારીઓ પણ છે, જે પોતાની ફરજ તો નથી જ નિભાવી રહ્યા પરંતુ નગરજનોને સરખો જવાબ આપવાની તમા પણ નથી રાખતા.



આવો જ અનુભવ સૅક્ટર-૬ના એક રહીશને થયો છે, જેમાં અધિકારીએ 'તમારું કામ નહીં જ થાય, જે થાય એ કરી લો' એવા તુમાખીભર્યા શબ્દો સંભળાવી દીધા ત્યારે સાંભળનાર રહીશ આઘાતમાં સરી પડ્યા હતા. સૅક્ટર-૬ બી ખાતે મુખ્ય શોપીંગ સૅન્ટરથી ચંદ્રમૌલેશ્વર મંદિર જવાના રસ્તા પર એક ગટરની ચૅમ્બર છે, જે છેલ્લા પંદર દિવસથી ઊભરાઈ રહી છે. આ બાબતે ડ્રેનેજ ઈન્કવાયરીને મૌખિક અને લેખિતમાં પણ ફરિયાદ કરવામાં આવી છે. પરંતુ આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

જાણવા જેવી વાત એ પણ છે કે આ બાબતની ફરિયાદ કરવા સ્થાનિક રહીશ વારંવાર રૂબરૂ પણ ડ્રેનેજ ઈન્કવાયરી, સૅક્ટર-૩ ખાતે મુલાકાત લઈ આવ્યા છે પરંતુ તેમ છતાં ફરિયાદનું નિવારણ ન આવતાં છેવટે તેમણે આ માટેનું કારણ પૂછ્યું ને કારણ ન મળતાં જવાબદાર અધિકારીનો નંબર પણ માગ્યો. પરંતુ આ જવાબદાર અધિકારી સાથે વાત કરવાથી તો નગરજન આઘાત પામ્યા. કારણ કે કલ્પેશ શાહ નામના પાટનગર યોજના વિભાગના ડ્રેનેજ વિભાગના અધિકારીએ એવી તો તોછડાઈથી નગરજન સાથે વાત કરી કે નગરજન તો ડઘાઈ જ ગયા. ફરિયાદની વાત સાંભળતાં જ તાડૂકીને બોલ્યા હતા 'હું એકલો છું, મારા માથે ઘણું કામ છે. મારે થોડી શહેરની બધી ગટરો સાફ કરવાની હોય ?' નગરજને કહ્યું હતું કે સાહેબ, પંદર દિવસ થયા છે, તો સાહેબ વધુ ભડક્યા, 'પંદર દિવસ પણ થાય ને પંદર વરસ પણ થાય. તમે કહો ત્યારે કામ ના થાય.... કામ નહીં જ થાય, જે થાય એ કરી લેવાનું' એમ કહીને ફોન કટ કરી દીધો હતો.

ડ્રેનેજ વિભાગના કર્મચારીઓએ પોતાનું નામ ન આપવાની શરતે જણાવ્યું છે કે કલ્પેશ પટેલ વિરુદ્ધ આવી અનેક ફરિયાદો આવી ચૂકી છે. નાગરિકોની ફરિયાદ સાંભળવાની કે એમને સીધો જવાબ પણ નહીં આપવાનો 'પાવર' ધરાવતા આ 'સાહેબ'થી ન માત્ર નગરજનો પરંતુ એમના કર્મચારીઓ પણ ખાસ્સા પરેશાન છે.


નગરના આવા સરકારી બાબુઓ જ નગરની પ્રગતિ માટે અવરોધરૂપ છે એ બાબત ધ્યાને ધરી સંબંધિત તંત્રે એમને નશ્યત કરવાની તાતી જરૂરિયાત છે. સાંભળે છે કોઈ ? કે પછી આ બાબુ પહોંચેલા છે એટલે આવી દાદાગીરી કરી રહ્યા છે ?

# પેથાપુરમાં કાકા-કાકી દિકરીને મારતા હોવાનો વિડીયો વાયરલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામમાં એક દિકરીને ઢોર માર મારીને કાકા-કાકી અત્યાચાર ગુજારતા હોવાની કેફીયત આપતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતા ખળભળાટ મચી જવા પામી છે. માહિતી જે દિકરીનો વિડીયો વાયરલ થયો છે તેના પિતા માનસિક બિમારીનો ભોગ બનેલ છે. તેની માતા ઘરેથી જતી રહી છે અને દિકરી તથા માનસિક બિમાર પિતા કાકા-કાકીને ત્યાં રહે છે. કાકા-કાકી ગેસની પાઈપથી મારતા હોવાનો અને સાણસીથી ચુંટલા ભરતા હોવાથી વાત કહેતી દિકરીનો વિડીયો વાયરલ થયો છે. કાકા-કાકી સામે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને પોલીસે તપાસ હાથ ધરી છે એવું પીએસઆઈ વી.વી. દેસાઈએ જણાવ્યું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



બિનઅનામત વર્ગને આર્થિક રીતે સહાયરૂપ થવા
રાજ્ય સરકારનો સંવેદનશીલ નિર્ણય



શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગ તથા નિગમની રચના

શ્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતાવાળી મંત્રીશ્રીઓની કમિટીના
અગત્યના નિર્ણયને મંત્રીમંડળે આપી મંજૂરી

- બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગ તથા નિગમની રચના... બિનઅનામત વર્ગના વિવિધ પ્રશ્નો અંગે જરૂરિયાત પ્રમાણે સરકારશ્રીને ભલામણ કરશે
- પાટીદાર આંદોલનમાં પોલીસ દમનની ઘટના સંદર્ભે...હાઈકોર્ટના નિવૃત્ત જજના વડપણ હેઠળ તપાસ. તપાસ રિપોર્ટના આધારે દોષિતો સામે પગલાં લેવામાં આવશે
- રાજ્ય સરકારની સત્તામાં આવતા... આંદોલનકારીઓ ઉપરના પોલીસ કેસ પાછા ખેંચાશે

બિનઅનામત વર્ગ માટે આયોગ અને નિગમની રચના કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે
શિક્ષણ, વ્યવસાય , ખેતી, પશુપાલન સહિત સ્વરોજગારી માટે લોન અને જરૂરી સહાય અપાશે
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

માહિતી ૨૦૧૭-૧૮ (૫૬)